# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ :-suratdeo@gmail.com

web :-www.suratdeo.org


તા.૨૧/૦૨/૨૦૨૬

જા.નં:-GPF/કેમ્પ/૨૦૨૫-૨૬/ 2627

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત મા. અને ઉ.મા શાળાઓ તમામ,
સુરત, જિલ્લો-સુરત.

વિષય:- બિન સરકારી અનુદાનિત મા. અને ઉ.મા શાળાઓના કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવિષ્ટ કરતાં, જી.પી.એફ નંબર મેળવવાની દરખાસ્ત નિયત ચેકલીસ્ટમાં આધારો સાથે રજૂ કરવા બાબત

સંદર્ભ:-
(૧) નાણા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૦૮-૧૧-૨૦૨૪
(૨) નાણા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૧૬-૦૪-૨૦૨૫
(3) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના ઇ-સરકાર પત્રાંક COS/0456/01/2026, Date:21/01/2026
(૪) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના ઇ-સરકાર પત્રાંક:COS/0628/01/2026, Date: 02-02-2026
(૫) અત્રેની કચેરીના તા.૧૩/૦૨/૨૦૨૬ના પત્રાંક: જી.પી.એફ./દરખાસ્ત/૨૦૨૬/૨૩૯૭

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ના ઠરાવથી જે કર્મચારીઓની તા.૦૧-૦૪-૨૦૦૫ પહેલા માન્ય ભરતી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ દ્વારા (લેખિત પરીક્ષા, ઇન્ટરવ્યુ અને પરિણામની જાહેરાત) પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય અથવા રાજયમાં વિવિધ વિભાગોમાં ફિક્સ પગારની નીતિ હેઠળ સરકારી તેમજ માન્યતા પ્રાપ્ત બિન સરકારી અનુદાનિત સંસ્થાઓમાં સક્ષમ કક્ષાએથી મંજૂર થયેલ જગ્યાઓ પર માન્ય ભરતી પ્રક્રિયા મારફતે તા. ૦૧-૦૪-૨૦૦૫ પહેલા પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય, તેવા કેસોમાં સદર ઠરાવના પેરા-૧(અ), (બ) અને (ક) મુજબની જોગવાઇ પરિપૂર્ણ થતી હોય તો તેવા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે તેવું ઠરાવવામાં આવેલ છે અને સંદર્ભ-૨ ના ઠરાવથી આ બાબતની વિગતવાર સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સંદર્ભ-3 અને સંદર્ભ-૪નાં આદેશથી સુરત જિલ્લાની બિન સરકારી અનુદાનિત મા. અને ઉ.મા શાળાઓના નાણા વિભાગના તા.૦૮-૧૧-૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઇ અન્વયે 'નવી પેન્શન યોજના"માંથી જૂની પેન્શન યોજના"માં સમાવિષ્ટ કરવાના આદેશ કરવામાં આવેલ છે. આ આદેશ અન્વયે કર્મચારીઓને જી.પી.એફ. નંબર ફાળવવાની દરખાસ્ત મેળવવા માટે તા.૧૮/૦૨/૨૦૨૫ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ દરખાસ્તો પૈકી જે દરખાસ્ત સાથે સામેલ પત્રકોમાં ભૂલ હતી તે કર્મચારીઓની દરખાસ્તમાં સુધારા અર્થે તે શાળાઓને દરખાસ્ત પરત કરવામાં આવેલ હતી. સદર

Scanned with OKEN Scanner

કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપી શકાય તે માટે અત્રેની કચેરી દ્વારા તા.૨૩/૦૨/૦૨૬ના રોજ જી.પી.એફ. ની દરખાસ્તો SVS વાઇઝ મેળવવા માટે આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે લગત શાળાઓએ તેઓની શાળાઓના કર્મચારીઓની દરખાસ્ત સંદર્ભિત-૫ ની સુચનાઓ અને અત્રેની કચેરી દ્વારા તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ VC ના માધ્યમથી આપેલ સૂચનાઓને ધ્યાને લઈ નીચે કોષ્ટકમાં દર્શાવેલ સ્થળે અને સમયે રજૂ કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | SVS નંબર | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૧ થી ૩ અને ૧૦ | તા.૨૩/૦૨/૨૦૨૬ | સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ | લોકમાન્ય વિદ્યાલય રાંદેર મોટીફળી, રાંદેર, સુરત |
| ૨ | ૪ થી ૭ | તા.૨૩/૦૨/૨૦૨૬ | સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ | એમ.એન.જે.પટેલ માધ્યમિક શાળા, વરાછા, સુરત |
| ૩ | ૮ થી ૯ | તા.૨૩/૦૨/૨૦૨૬ | સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ | સી.બી.ભંડારી સરસ્વતી વિદ્યાલય મગદલ્લા, સુરત |
| ૪ | ૧૧ થી ૧૪ | તા.૨૩/૦૨/૨૦૨૬ | સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ | સુરત ડાયમંડ એસોસીએશન ગર્લ્સ હાઈસ્કૂલ વરાછા, સુરત |

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ-સુરત.

Scanned with OKEN Scanner